# આજે કરમસદથી ભાજપની ગૌરવયાત્રાનો પ્રારંભ થશે

## ૨જી ઓક્ટોબરે પોરબંદરથી ગૌરવયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત ભાજપ દ્વારા આવતીકાલ ૧લી ઓક્ટોબરે કરમશદથી અને ૨જીએ પોરબંદરથી ગુજરાત ગૌરવયાત્રાઓનો પ્રારંભ કરીને ગુજરાતમાં ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી આડે હવે માત્ર બે મહિનાનો સમય બાકી રહ્યો છે ત્યારે ગુજરાત ભાજપ દ્વારા ત્રણ ઝોન પાડીને ગુજરાત ગૌરવ યાત્રા કરાઢવાનું આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ૧લી ઓક્ટોબરે કરમશદથી રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્ત્વમાં ગુજરાત ગૌરવયાત્રા નીકળશે. આ યાત્રા મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ફરશે.

જ્યારે ૨જી ઓક્ટોબરે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્ત્વમાં પોરબંદરથી ગુજરાત ગૌરવ યાત્રા નીકળશે. આ બંને યાત્રાઓને ભાજપના રાષ્ટ્રિય અધ્યક્ષ અમીત શાહ પ્રસ્થાન કરાવશે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતમાં પણ ગુજરાત ગૌરવ યાત્રા કાઢવામાં આવનાર છે. ૧લી ઓક્ટોબરથી રાજ્યામાં ત્રણ ઝોનમાં નીકળનારી ગુજરાત ગૌરવ યાત્રા રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ફળશશે અને ૧૪મી ઓક્ટોબરે આ યાત્રાનું સમાપન થશે.

ગૌરવ યાત્રાના સમાપન કાર્યક્રમમાં ભાજપના પ્રમુખ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેનાર છે. અને તેમની ઉપસ્થિતિતમાં રાજ્યનું સૌથી મોટુ પેજ પ્રમુખોનું સંમેલન યોજાનાર છે.

## હિમતનગરમાં રાવણ દહન

વિજયાદશમીને લઈને જીલ્લામાં તાલુકા મથકે શસ્ત્ર પૂજન અને શોભાયાત્રા યોજાઈ હતી જયારે હિમતનગરમાં છાપરિયા વિસ્તારમાં રામજી મંદિરથી ભગવાન રામ,લક્ષ્મણ અને સીતા સાથેની શોભાયાત્રા નીકળી હતી જે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શહેરના સમગ્ર માર્ગો પર ફરી હતી જેમાં શહેરના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા તો અખાડા પણ હતા અને બજરંગદળ સહીત હિંદુ સંગઠનએ પણ ભાગ લીધો હતો.મોડી સાંજે આ શોભાયાત્રા શહેરના હાથમતી નદી કિનારે બનાવેલ ૩૦ ફૂટના રાવણનું દહન કરવામાં આવ્યું હતું.



શહેરના ગુડા વિસ્તારમાં નવરાત્રિ દરમિયાન વિવિધ મનોરંજક તથા સર્જનાત્મક કાર્યક્રમો યોજવાનું ચલણ વધતું જાય છે. પાર્ટીપ્લોટના ગરબાના યુગમાં શેરી ગરબામાં સોસાયટી વસાહતના યુવાનોનો રસ જળવાઈ રહે તે હેતુસર વેશભૂષા હરિફાઈ, આરતી શણગાર સ્પર્ધા જેવા વિવિધ આકર્ષણો ઉભા કરવામાં આવી રહ્યા છે. ન્યુ ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારની સત્યમેવ ફેમોસા સોસાયટીમાં પણ આ નવરાત્રિના સમાપને 'વેશભૂષા'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સોસાયટીના બાળકો, મહિલાઓ સહિત તમામે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



## હિમતનગર આશા વર્કર બહેનોનો વિરોધ

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના ટાવર ચોકમાં આજ રોજ જીલ્લની આશા વર્કર બહેનોએ એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યુ હતું.પગાર સહીત વિવિધ પડતર માંગણીઓને લઈને મેડીકલ ચીજ વસ્તુઓની હોળી કરી વિરોધ કરતા પોલીસ પહોચી હતી.જોકે આ બહેનોએ વગર મંજુરીએ વિરોધ પ્રદર્શન કરતા પોલીસે પણ અગામી દિવસમાં આકરી બને તો નવાઈ નહિ તો બીજી તરફ આશા વર્કર બહેનો હવે અગામી દિવસમાં કલેકટર કચેરી આગળ ભૂખ હડતાલ પર બેસીને પડતર માંગણીઓ સાથે અંદોલનને વધુ વેગ આપશે તેવું બહેનોએ જણાવ્યું હતું.

## ભિલોડામાં દશેરા નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ

ભિલોડા,તા.૩૦

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રીનું પર્વ પુર્ણ થતાં આજે દશેરાના પર્વ નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ થયું હતું. વેપારીઓને ઘી, કેળા થઈ ગયા હતા. ભિલોડામાં તિરૂપતી સોસાયટી અને સાંનિધ્ય બંગ્લોઝમાં રાવણદહનનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકામાં દશેરાની ઉજવણી ઠેર-ઠેર કરાઈ હતી.

આસુરી શક્તિ સામે દેવી શક્તિના વિજયના પર્વને ઉજવવા ફાફડા-જલેબી-ચોરાફળી પ્રજાજનોએ આરોગ્યા હતા. ફાફડા અને જલેબીના ભાવોમાં ધરખમ ભાવ વધારા જોવા મળ્યો હતો. દશેરાના પર્વને શુભ દિવસ માનવામાં આવે છે ત્યારે વાહનો, ઘર, ઓફીસની ખરીદી પ્રજાજનોએ કરી હતી. દશેરા પર્વને કાયમી યાદગાર પ્રજાજનો બનાવી દેતા હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દશેરાના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ફરસાણની નાની-મોટી દુકાનોમાં જલેબી-ફાફડા-ચોરાફળીની ખરીદી કરવા વહેલી સવારથી જ કતારો લાગી હતી.

## ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યાલયનું ઉદઘાટન

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં આજરોજ અંબાજી હાઈવે પર દિનાભાઈ કચરાભાઈ સોલંકીના વરદહસ્તે અને ધારાસભ્ય અધીન કોટવાલના અધ્યક્ષ સ્થાને કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણી કાર્યકરો જોડાયા હતા. કેટલાક પાટીદારો આ પ્રસંગે કોંગ્રેસમાં જોડાયા હતા તેમજ મંગલકંપા તથા રતનપુરના આગેવાનોએ પણ આજ કોંગ્રેસનો હાથ પકડયો હતો અને આવનારી વિધાનસભાની ચુંટણીમાં તેઓ કોંગ્રેસ તરફથી આગેવાની કરવા પણ સંમતિ બનાવી હતી આજુબાજુના ગામડામાંથી પણ ખુબ જ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ હાજર રહી ચુંટણી જંગને આગળ ધપાવવાનું કામ ચાલુ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નેતાભાઈ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ કુંવરબેન ગમાર, નગરપાલિકા પ્રમુખ સાગર પટેલ, શહેર પ્રમુક જીજ્ઞેશભાઈ જોષી, કોંગ્રેસ સમિતિના પ્રમુખ જનકસિંહ વાઘેલા તથા યુથ કોંગ્રેસના પ્રમુખ ભાવેન્દ્રસિંહ સોલંકી તથા કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



## ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના નવીન મકાનનું ખાતમુર્હુત

કેટલાક ઘણા સમથી ખેડબ્રહ્મા તાલુકા પંચાયત ભવનની હાલત ખરાબ હોવાથી ઘણા લાંબા સમય બાદ આજરોજ ખેડબ્રહ્મા વિધાનસભાના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલના વરદહસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. અને આ ક્રમ ૧૧ માસમાં પૂર્ણ કરી આપવામાં આવશે અને તે કામ અંદાજે ૨ કરોડ ૪૦ લાખના ખર્ચે બનાવવાનું ભવન દપિકભાઈ પટેલના ટેન્ટર સાથે ૧૧ માસમાં પૂર્ણ કરી લોકોને સુપ્રત કરવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ તાલુકા પંચાયત પ્રમુખ કુંવરબેન તથા કારોબારી ચેરમેન ભવરસિંહ ચંદાવત ઉપપ્રમુખ કનુભાઈ પટેલ રોહિતભાઈ પટેલ, યુથ કોંગ્રેસના પ્રમુખ ભાવેન્દ્રસિંહ સોલંકી તથા કાર્યકરો હાજર રહ્યા હતા.





## હિમતનગરમાં શસ્ત્ર પૂજન

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક આજે વિજયાદશમીને લઈને હિમતનગરના સહકારી જીન પાસે આવેલ કોટન માર્કેટયાર્ડમાં શ્રી સત્તાવીશ કાંઠા રાજપૂત સમાજ ધ્વારા દ્વિતીય શસ્ત્ર પૂજન સમારોહ રાખવામાં આવેલ જ્યાં સમાજના યુવાનો સાફા ધારણ કરી મંત્રોચાર ધ્વારા શસ્ત્ર પૂજન કર્યુ હતું.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

એવું નહીં મળે કે જે પ્રમુખપદને યોગ્ય ના હોય. અને હવે આ પરંપરા તોડીને ખર્ચાળ ચૂંટણી દ્વારા આગામી વર્ષોમાં અયોગ્ય પ્રમુખો પણ આવી જશે ત્યારે આપણે શું કરીશું ? એ પણ વિચારવા જેવો પ્રશ્ન છે. કેમ કે આ પ્રથા લાગુ કરવાથી ઘણાયના મનમાં હવે પરિષદના પ્રમુખ બનવાના કૉડ જાગ્યા છે. લોકશાહીનો ધ્વજ હાથમાં રાખીને લડાઇ કરવી એક વાત છે અને આવડી મોટી સાહિત્યિક સંસ્થાને પોતાના વ્યક્તિત્વથી, સર્જકકર્મના પ્રભાવથી ચલાવવી ખુબ જ અઘરી બીજી બાબત છે. હવે તો ખરેખર એવું જ થવાનું કે પ્રમુખપદને યોગ્ય છે તેઓ ચૂંટણી લડશે જ નહી. અને કદાચ કોઇ નામ સૂચવશે તો અને ચૂંટણી પરાણે લડશે તો આ મિડીયાની દુનિયાના કાવાદાવા, પ્રપંચો અને ગોઠવણોને કારણે હારી પણ જવાના. પછી પરિષદના પુરસ્કારો, પ્રકાશનો, પરબ, પ્રવૃતિઓ અને સંપાદનોની શી વલે થશે તે જોવા જેવી હશે. હજી પણ જેમને સર્વસંમતિથી પ્રમુખ બનાવી શકાય એવા કેટલાંક નામો જોઇએ તો.. શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી મધુ રાય, શ્રી ચન્દ્રકાંત શેઠ, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી માધવ રામાનુજ, શ્રી વર્ષા અડાલજા, શ્રી નરોત્તમ પલાણ,.... આ ઉપરાંત પણ હજી બીજા આઠ દસ નામો આ યાદીમાં આવી શકે છે. પણ હું માનું છું કે આ ચૂંટણીને કારણે આમાંથી કોઇ કદાચ ઉમેદવારી માટે સ્વીકૃતિ આપશે નહી. પરિષદના પ્રમુખની ચૂંટણી એ કાંઇ વિધાનસભા કે લોકસભાની ચૂંટણી તો છે નહીં કે એમાં લાખો મતદારો હોય. અહીં તો ત્રણ ચાર વર્ષ અગાઉ થોડો પ્લાન કરવામાં આવે તો કોઇપણ ધનવાન વ્યક્તિ પરિષદના પ્રમુખપદે ચૂંટાઇ શકે છે. અને આવું આગામી વર્ષોમાં થવાનું છે. પરિષદના છેલ્લા કેટલાંક વર્ષોમાં ડોકિયું કરીશું તો મુનશી, ઉ.જોશી કે રઘુવીર ચૌધરી હોય. તેઓએ પોતાના સર્જકકર્મથી અને સાહિત્ય પ્રત્યેની નિષ્ઠાથી પોતાનો પ્રભાવ ઊભો કર્યો હતો. જેને તમામ ભાવકોએ, સર્જકોએ સામેથી સ્વીકાર્યો હતો. જ્યારે અત્યારે આપણો પ્રભાવ મધ્યસ્થના ૪૦ સભ્યો પણ સ્વીકારતા ના હોય ત્યારે આવડી મોટી સાહિત્યિક સંસ્થાના સુવ્યવસ્થિત ગોઠવાયેલા માળખાને લોકશાહીના નામે નબળું ના પાડવું જોઇએ. હા, સાહિત્યિક આયોજનો, વ્યાખ્યાનો, પુરસ્કારો, સંપાદનો વગેરેમાં જૂથવાદ કોઇ ચલાવતું હોય તો ચોક્કસ અવાજ ઊઠાવવો જોઇએ. અને આ માટે મધ્યસ્થની ચૂંટણી તો થાય છે. બાકી સંબંધોથી કે સક્રિયતાથી પાંચ પચ્ચીસ વ્યાખ્યાનો આપી દેવાથી કે બે પાંચ પુરસ્કારો મેળવી લેવાથી યુગ પ્રભાવક સર્જક નથી બની શકાતું. એ માટે વર્ષોનું તપ અને સાધના જોઇએ છે. આ વખતે પણ ખરેખર તો શ્રી હરિકૃષ્ણ પાઠકની પ્રમુખપદ માટે સ્વીકૃતિ કરાવીને શ્રી સિતાંશુભાઇ અને ડૉ. બળવંત જાનીને સમજાવીને બિન હરિફ વરણી થઇ શકી હોત. અને અત્યારે ચૂંટણી લડતા છેલ્લા બે ઉમેદવારો ડૉ. બળવંત જાની અને શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર બેમાંથી એકને સમજાવીને એકને સર્વ સંમતિથી પ્રમુખ બનાવીને ઘણા બધા વચ્ચે જૂથભાવનાના જે બીજ રોપાવાના છે તે અટકાવી શકાયું હોત. પણ એમ થયું નથી. યોગ્ય ઉમેદવાર હોય તો જરૂર નથી કે ચૂંટણી થવી જ જોઇએ.

આજે તો જેમને ગુજરાતી સાહિત્યના રાજકારણ સાથે કોઇ લેવાદેવા નથી, પ્રમુખ માટે કોણ કોની સામે ઊભૂં છે તે જાણતા નથી. જેઓ પરિષદના સભ્ય પણ નથી અને છેલ્લા ચાલીસેક વર્ષથી અમેરિકા રહે છે તેવા મધુરાય જેવા સમર્થ સર્જક કોઇને ચૂંટણી જીતવાની શુભેચ્છાઓ આપે છે તો એનો પણ વિવાદ કરવામાં આવે છે. અને તેઓ અમારી સાથે છે એવું દર્શાવીને એમના નામની ખેંચાતાણી થાય છે. આ ચૂંટણીમાં ઉમેદવારો માત્ર બે જ છે. શું એવું ના બની શકે કે બન્ને એક સાથે જ પ્રચાર કરે, એક જ પત્રમાં બન્ને પોતાની વાત લખીને મતદારોને મોકલે. કોઇ જૂથ નહીં. કોઇ વિવાદ નહીં, એક જ સાથે બન્ને નીકળે અને બધાને જાહેરમાં કહે કે અમે બન્ને એક જ છીએ તમે કોઇને પણ મત આપશો. એક જીતશે એને બીજો ઉમેદવાર સહકાર આપશે. શું આવી ચૂંટણી ના થઇ શકે ? આ લોકશાહી નથી ? અંતમાં મને મહાભારતની ''કૌરવસભા''નું એક દશ્ય યાદ આવે છે. પાંડવો કૌરવો જુગટૂ રમે છે. સત્તા લોલૂપ અંધ ધૃતરાષ્ટ્ર સભામાં દ્રૌપદી ( ભાષા ) ના ચીર ખેંચાઇ રહ્યા છે. પાંડવો નિયમાનુસાર કંઇ કરી શકતા નથી. વર્ષોથી હસ્તિનાપુરની સુરક્ષા માટે પોતાના અંગત સુખ સમૃદ્ધિનો ત્યાગ કરનાર મહાબલિ ભીષ્મ પણ મૌન છે. તમામ ધર્મગુરુઓ, મોટા યોદ્ધાઓ ચૂપ છે. શ્રી કૃષ્ણ છે નહી. અને અંતે સર્જાય છે એક મહાભારત. આવું સાહિત્યની આગામી મધ્યસ્થસભાઓમાં તો નહી થાય ને ? હે પ્રિય ભાષા તું સાચવજે. અસ્તુ

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

માટે પણ આવો જ વિવાદ થયેલો કે એના મોટા ભાગના દ્રશ્યો વિદેશી ફિલ્મોની નકલ છે . જો કે ન્યુટનના લેખક-દિગ્દર્શક અમિત મસુરકર ઈરાનીયન ફિલ્મની નકલ કરી હોવાની વાતને રદિયો આપતા કહે છે કે બંને ફિલ્મોની વાર્તા કે દ્રશ્યોમાં રહેલી સમાનતા માત્ર ને માત્ર યોગાનુયોગ જ છે અને 'ન્યુટન' એ સંપૂર્ણ ઓરીજીનલ વાર્તાવાળી ફિલ્મ છે, કોઈની નકલ નથી જ..! ઈવન 'સિક્રેટ બેલેટ' ના નિર્માતા એ પણ સ્ટેટમેન્ટ આપ્યું છે કે 'ન્યુટન' મારી ફિલ્મની કોપી નથી .

ઓસ્કારમાં 'બેસ્ટ ફોરેન ફિલ્મ'ની કેટગરીની શરૂઆત ૧૯૫૬મા થયેલી ત્યારથી આજસુધીમાં કરોડો રૂપિયાની વેલ્યુ અને બિજનેસ ધરાવતી ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી એક પણ વાર આ એવોર્ડ જીતી શકાઈ નથી એ પણ હકીકત છે અને એમાં પણ આખરી પાંચમાં તો અત્યાર સુધીમાં 'મધર ઈન્ડિયા', 'સલામ બોમ્બે' અને 'લગાન' જ પહોચી શકી છે અને એમાં પણ ૨૦૦૨ મા 'લગાન' આ એવોર્ડ જીતવા વધુ ફેવરીટ હતી.

જો કે આની પાછળ ફિલ્મની ગુણવત્તાની સાથે સાથે ફિલ્મ માટે અમેરિકામાં અને ઓસ્કાર કમિટી મેમ્બર્સમા કરવું પડતું ફિલ્મનું પ્રમોશન પણ કારણભૂત છે . ઓસ્કારમાં નોમીનેટ થયેલી ફિલ્મનું પ્રમોશન ખર્ચાળ ચીજ છે અને એ ફિલ્મના નિર્માતાના માથે હોય છે. આ કેટેગરીમાં દુનિયાભરમાંથી ૭૦-૮૦ ફિલ્મો આવે છે. ઓસ્કાર કમિટીના ૬૦૦૦ ઉપરાંત મેમ્બર છે જેમનું વોટીંગ અગત્યનું છે એટલે એ બધાને ફિલ્મ બતાવવી જરૂરી હોય છે એ ફિલ્મ સ્ક્રીનીંગનો ખર્ચ ઉપરાંત એક એજન્ટ પણ રાખવો પડે છે જેને ઓસ્કાર વિશેષજ્ઞ કહે છે આ ઉપરાંત અમેરિકાના મુખ્ય ફિલ્મી મેગેજીનો અને ટીવી ચેનલો પર પોતાની ફિલ્મનો પ્રચાર કરતો રહેવો પડે છે જેથી વોટીંગ આપવાવાળા મેમ્બરની નજરમાં ફિલ્મ આવી શકે . આ બધો ખર્ચ કોઈ સામાન્ય નિર્માતા માટે ગંજાવર ગણી શકાય . 'લગાન' વખતે આમીર અને નિર્માતા આશુતોષ બે મહિના અમેરિકા પડ્યા પાથર્યા રહ્યા ત્યારે ટોપ ફાઈવમાં લગાન આવી શકેલી — આ હકીકત છે . જો કે દરેક ફિલ્મ માટે આ કદાચ જરૂરી નહિ હોય પણ ઓસ્કાર પ્રમોશન માટેની આ સર્વમાન્ય પદ્ધતિ તો છે જ . 'ન્યુટન' ને સરકારે ૧ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું છે જે ઓસ્કારની રેસમાં 'ન્યુટન' ના નિર્માતાઓને ઓક્સીજન નું કામ પૂરું પાડશે . ખેર દરેક ઓસ્કાર નોમીનેશનની જેમ જ 'ન્યુટન' બાબતે પણ આરોપો, અફવાઓ અને નારાજગીના સમાચારો વચ્ચે 'સિનેમાઘરોમાં ન્યુટન' સફળ થઈ રહી છે, એ જ મોટી વાત છે. આપણે તો ઈચ્છીએ કે રવિવાર ૪ માર્ચ ૨૦૧૮ ના દિવસે લોસ એન્જલસના ડોલ્બી થીયેટરમા એવું સંભળાય કે 'એન્ડ ધ ઓસ્કાર ગોઝ ટુ ન્યુટન'..!!

વિસામો :

અત્યાર સુધીમાં બે ભારતીય ફિલ્મોને ઓસ્કાર મળેલ છે. 'ગાંધી' માટે ભાનુ અથૈયાને બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈનરનો અને 'સ્લમડોગ મિલિયોનર' માટે સંગીતકાર એ.આર.રહેમાન, ગીતકાર ગુલઝાર અને સાઉન્ડ મિક્સર રસુલ ને. જો કે આ બંને ફિલ્મોના નિર્માતા અને નિર્દેશક વિદેશી હતા.

## શ્રદ્ધાનું ઘોડાપુર ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીના પત્ની અંજલીબેન રૂપાણીએ પણ પલ્લીરથ પર ઘી નો અભિષેક કરી દર્શનનો લાભ લીધો હતો. પલ્લી રથ દરમિયાન પાસના કન્વિનર હાર્દિક પટેલ સહીતની ટીમે પણ દર્શનનો લાભ લીધો હતો. વિશિષ્ટ ડ્રેસ કોડમાં પાસની ટીમના સભ્યોએ માતાજીના પલ્લી દર્શનનો લાભ લીધો હતો. પલ્લી મેળા દરમિયાન એક લાખ જેટલા ભાવિકોએ ખીચડી કઢીના પ્રસાદનો લાભ લીધો હતો. રાત્રિના ૩ કલાકે પ્રસ્થાન થયેલા પલ્લી રથ પર ભાવિકોએ હેતે ઓવારણાં લઇ ઘી નો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી. ગામના વિવિધ ચકલામાં ભાવિકોને દર્શન આપી પલ્લીરથ સવારે ૬ : ૩૦ કલાકે વરદાયિની મંદિર પરત થયો હતો. આગામી પુનમ સુધી માતાજીની જયોત પ્રજવલિત રહેશે જેમાં દરરોજ ઘી નો અભિષેક કરવામાં આવશે. રૂપાલ પલ્લી મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. જયારે ભાવિકોની વિશાળ સંખ્યાને ધ્યાને લઇ પુરતો સલામતી બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. પલ્લી મેળા દરમિયાન એકપણ અનઈચ્છનિય બનાવ બનવા પામ્યો ન હતો. પલ્લી મેળા અન્વયે ગામની ભાગોળે આનંદ મેળામાં પણ બાળકો તેમજ પરિવારજનોએ મજા માંણી હતી.

## જેહાદી તત્વો ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાનો દાવો સંઘ વડાએ કર્યો હતો. સરહદની સમસ્યા કોઈ જગ્યાએ નથી. ગૌરક્ષક અને ગૌરક્ષાના પ્રચાર કરનાર મુસ્લિમ પણ છે. બીજા સંપ્રદાયના લોકો પણ છે. ગાયની રક્ષા કરનારની પણ હત્યા થઈ છે. ગૌરક્ષાના નામે હિંસા ફેલાવનાર સામે કઠોર પગલા લેવામાં આવશે. સરકારે અનેક સાહસિક પગલા લીધા છે. જેમાં લોકકલ્યાણના પગલા લેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા આજે દશેરાની ઉજવણી કરવામાં આવી. શસ્ત્ર પૂજા કર્યા બાદ આરએસએસના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, શુક્રવારે મુંબઈમાં જે દુઃખદ ઘટના બની તેને લઈને વેદના છે. જીવનમાં આવી વાતોનો સામનો કરીને આગળ વધવું પડે છે. તેમણે ડોકલામ વિવાદ અને વિશ્વમાં ભારતની વર્તમાન સ્થિતિ પર મોદી સરકારના કામ અને પોલિસીના વખાણ કર્યા હતા. ૭૦ વર્ષમાં પ્રથમ વખત વિશ્વનું ધ્યાન ભારત તરફ ગયું છે. સીમા પર આપણે જવાબ આપી રહ્યા છે. સંઘ પ્રમુખે કહ્યું હતુ કે, રોહિંગ્યા તેમના દેશ માટે જ ખતરો છે તો આપણા દેશ માટે ખતરાની ચિંતા કેમ ન થવી જોઈએ. રોહિંગ્યા અહીં કેમ છે. મ્યાનમારે રોહિંગ્યા પર મોટું પગલું ભર્યું છે. માનવતા કે સુરક્ષાના આધારે તેમને ગમે ત્યાં શરણ આપવામાં આવશે તો તે સારુ રહશે નહી. રોહિંગ્યાના જેહાદીઓ સાથેના સંપર્કો સામે આવી ચુક્યા છે. દેશમાં છેલ્લા થોડા દિવસોથી એનડીએ સરકારના જ બે મંત્રીઓ વચ્ચે આર્થિક વિકાસ મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે ભાગવતે જણાવ્યું કે, દેશની આર્થિક નીતિ દરેકનું કલ્યાણ થાય તેવી હોવી જોઈએ. આર્થિક વિકાસનો મતબલ ગરીબનો વિકાસ ધનિકો વધુ ધનિક બને તે વિકાસ નથી. એક મોડલ દરેક જગ્યાએ ન ચાલે. સરકારે લઘુ ઉદ્યોગો પર ધ્યાન આપવું જોઈએ.

## ફાઈલિંગની સુવિધા ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનુ કહેવુ છે કે આના કારણે તેમના પર બોજ વધી જશે. ત્રણ તબક્કાની આ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં એકબાજુ તેમનો ખર્ચ વધી જશે. બીજી બાજુ તેમના પર કામનો બોજ પણ વધી જશે. પશ્ચિમ બંગાળના નાણાંપ્રધાન અમિત મિત્રાએ એક પત્ર લખીને જેટલીને ૭૫ લાખ રૂપિયાથી ઓછાના ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવાની મંજુરી આપવાનુ સુચન કર્યુ છે. સરકારનુ માનવુ છે કે નિયમોને હળવા કરવાથી સરકારને વધારે નુકસાન થનાર નથી. એક કાર્યક્રમમાં હાલમાં જેટલીએ કહ્યુ હતુ કે ચાર લાખથી પણ ઓછી નોંધાયેલી સંસ્થાઓ ૯૫ ટકા ટેક્સની ચુકવણી કરે છે. જ્યારે બાકી૬૦ લાખ માત્ર પાંચ ટકા ટેક્સની ચુકવણી કરે છે.

## રાજ્યપાલો નિમાયા ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. બીડી મિશ્રાને અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. બનવારીલાલ બન્યા તામિલનાડુના નવા રાજ્યપાલ બન્યા છે. અત્યારસુધી તામિલનાડુના રાજ્યપાલનો વધારાનો ભાર મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.વિદ્યાસાગર રાવ સંભાળી રહ્યા હતા. અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળી રહેલા બીડી મિશ્રા નિવૃત બ્રિગેડિયર છે. ભારતીય સેનામાં ત્રણ દશકથી પણ વધારે સમય સુધી તેઓ રહ્યા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૧૯૭૧ના યુદ્ધમાં તેમની સક્રિય ભાગીદારી હતી. જાફનામાં એલટીટીઈની સામે લડત ચલાવનાર ભારતીય સેનાના બ્રિગેડ કમાન્ડર તરીકે તેઓ હતા. વર્ષ ૧૯૯૯ના કારગીલ યુદ્ધ વેળા પણતેમની ભૂમિકા હતી. આસામના રાજયપાલ મુખી પૂર્વ નાણાં પ્રધાન તરીકે છે. દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે સેવા આપી ચુક્યા છે. તેઓ ભાજપના પીઢ નેતા તરીકે છે. આવી જ રીતે બિહારના રાજ્યપાલ સત્યપાલ મલિક કેન્દ્રિય પ્રધાન તરીકે સેવા આપી ચુક્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોમાં કેટલાક ચાવીરૂપ હોદ્દા પર રહી ચુક્યા છે. મેઘાલયના રાજ્યપાલ ગંગા પ્રસાદ પણ વિવિધ હોદ્દા પર કામ કરી ચુક્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય